ગાંધીનગર સમાચાર

કુખ્યાત આતંકવાદી લખવીની પાકિસ્તાનમાં મુકિત

લાહોર હાઈકોર્ટે લખવીને અટકાયતમાં રાખવાના આદેશને આખરે ફગાવી દીધો

ઈસ્લામાબાદ,તા. ૯

પાકિસ્તાનની જેલમાં હવા ખાઈ રહેલા મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીને લાહોર હાઈકોર્ટે આજે તાત્કાલિક છોડી મુકવા પાકિસ્તાન સરકારને આદેશ કર્યો છે. લાહોર હાઈકોર્ટે મેઈન્ટાનન્સ ઓફ પબ્લિક ઓર્ડર હેઠળ લખવીને અટકાયતમાં રાખવાના આદેશને સસ્પેન્ડ કરી દીધો છે. કારણ કે સરકાર તોઈબાના ત્રાસવાદી અને કમાન્ડરના સંવેદનશીલ રેકોર્ડ રજૂ કરવામાં નિષ્ફળ ગઈ હતી. લાહોર હાઈકોર્ટના જસ્ટિસ મોહમ્મદ અનવરઉલ હક દ્વારા અપાયો હતો. અગાઉ તેઓએ પંજાબ સરકારને ગુમ દસ્તાવેજોમાં રેકોર્ડ તૈયાર કરવા પાકિસ્તાન સરકારને કહ્યું હતું. જો કે, કોર્ટમાં આજે સંતોષજનક રેકોર્ડ રજૂ કરી શકાયા ન હતા. જજે તેની મુક્તિ માટે એક-એક મિલિયનના બે સ્યોરિટી બોંડ રજૂ કરવા લખવીને કહ્યું હતું. લખવીએ ૧૪મી માર્ચના આદેશને પડકાર ફેંક્યો હતો. અગાઉ ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઠેરવ્યું હતું કે, તેને કસ્ટડીમાં રાખવાની બાબત યોગ્ય નથી. કોર્ટે એમ કહીને લખવીની મુક્તિના આદેશ જારી કર્યા હતા કે, તેને આ પ્રકારે જેલમાં રાખી શકાય નહીં. પ્રતિબંધત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના લીડર લખવી વર્ષ ૨૦૦૯ બાદથી જેલમાં છે. તે રાવલપિંડીની જેલમાં છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેને કેટલીક શરતો સાથે મુક્ત કર્યો હતો. પરંતુ તેને થોડાક કલાકોના ગાળા બાદ કસ્ટડીમાં લેવામા આવ્યો હતો. નવા આદેશ જારી કરાયા બાદ તેની મુક્તિ થઈ શકે છે. પાકિસ્તાને વિશ્વના દેશોની રજૂઆતને ફગાવી દઈને તેને મુક્ત કરવાની તૈયારી કરી છે. તેની અનેક બાબતોમાં સીધી સંડોવણી રહી છે. લખવીની મુંબઈ હુમલામાં સંડોવણી અંગે ભારત સરકારે કેટલીક વખત પુરાવા આપ્યા હતા. જો કે પાકિસ્તાને દલીલ કરી છે કે પુરાવા અપુરતા છે. આ મુદ્દે ભારત અનેપાકિસ્તાન સામ સામે રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં ત્રાસવાદી હુમલો થયો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિનું નુકસાન થયું હતું. લખવી એવા સાત લોકોમાં સામેલ છે જેના ઉપર મુંબઈ હુમલાને લઈને પાકિસ્તાનમાં કેસ ચાલી રહ્યો છે. હજુ સુધી આ કેસમાં પરિણામ આવી શક્યા નથી. ભારતે અનેક વખત પાકિસ્તાનને ચેતવણી આપી છે કે, આ

કેસમાં ધીમી ગતિએ સુનાવણી ચાલી રહી છે જે તેને સ્વીકાર્ય નથી. આતંકવાદી સામે પાકિસ્તાનની કટિબદ્ધતા આના કારણે નબળી પડી રહી છે. ભારતીય તપાસકારોએ પાકિસ્તાનને વોઈસ સેમ્પલ અને બીજા પુરાવા પણ સોંપ્યા હતા જેમાં લખવી સેટેલાઈટ ફોન ઉપર ૧૦ ત્રાસવાદીઓ સાથે વાતચીત કરી રહ્યો હતો જે દરિયાઈ માર્ગ મારફતે મુંબઈમાં આવ્યા હતા અને ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા. ભારતની ચિંતાને વધારી દઈને ઈસ્લામાબાદ હાઈકોર્ટે રહેમાન લખવીના અટકાયતી આદેશને ગેરકાયદે ગણાવીને તેને મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. પાકિસ્તાનના ગૃહ મંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે, પાકિસ્તાન સરકાર જાહેર સુરક્ષા આદેશ હેઠળ લખવીને અટકાયત હેઠળ રાખી શકે છે. કારણ કે કોર્ટે કેટલીક શરતો મુકી છે. ગયા વર્ષે ૧૮મી ડિસેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટે લખવીને જામીન આપ્યા હતા પરંતુ તેની આગલા દિવસે એમપીઓ હેઠળ ફરી ધરપકડ કરી લેવાઈ હતી. પાકિસ્તાનમાં મુંબઈ હુમલા કેસના સંદર્ભમાં ૨૦૦૯થી ટ્રાયલ ચાલી રહી છે.

લખવીને છોડવાના આદેશથી ભારત નાખુશ

નવીદિલ્હી,તા. ૯

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને સીધી સંડોવણી ધરાવનાર તોઈબાના કમાન્ડર જાકીઉર રહેમાન લખવીને છોડી મુકવા પાકિસ્તાનની લાહોર હાઈકોર્ટે કોર્ટે આદેશ કર્યા બાદ ભારત ભારે લાલઘુમ દેખાઈ રહ્યું છે. લખવીને અટકાયતમાં રાખવાના આદેશને લાહોર હાઈકોર્ટે ફગાવી દેતા ભારત સરકાર ભારે નાખુશ દેખાઈ રહી છે. પાકિસ્તાન સરકાર સમક્ષ જોરદાર વિરોધ નોંધાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. બીજી બાજુ પાકિસ્તાને આતંકવાદ સામેની તેની લડાઈ પ્રત્યે પણ ગંભીરતા દર્શાવી નથી. લખવીના સંદર્ભમાં ભારત પાસે નક્કર પુરાવા રહેલા છે. મુંબઈ હુમલામાં સંડોવણી અંગે પાકિસ્તાનને પુરાવા આપવામાં આવ્યા છે પરંતુ પાકિસ્તાન સરકારે લખવીના સંદર્ભમાં ઉદાસીન વલણ અપનાવ્યું છે જેના પરિણામ સ્વરુપે હવે તે જેલમાંથી મુક્ત થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભારત વૈશ્વિક મંચ ઉપર આ મુદ્દો ઉઠાવી શકે છે.

સત્યમ કેસમાં રામાલિંગા રાજુ, અન્ય ૯ને ૭ વર્ષની જેલની સજા

હૈદરાબાદ,તા.૯

સમગ્ર દેશ અને કોર્પોરેટ જગતને હચમચાવી મુકનાર સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લીમિટેડમાં કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ કૌભાંડમાં તપાસ કરનાર ખાસ અદાલતે આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો.કોર્ટે કંપનીના સ્થાપક રામલિંગા રાજુ સહિત ૧૦ને અપરાધી જાહેર કર્યા હતા અને સત્યમના સ્થાપક બી રામાલિંગા રાજુને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે પાંચ કરોડનો જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. રાજુ અને તેમના ભાઈ બી રામારાજુને પણ પાંચ કરોડનો દંડ કરાયો હતો. આઠ અન્ય આરોપીઓને ખાસ અદાલતે ૨૫-૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો. તમામ આરોપીઓને સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી. રાજુ પહેલાથી જ જેલમાં ૩ર મહિના રહી ચુક્યા છે. અગાઉ રાજુ અને અન્ય નવને કોર્ટે અપરાધી ઠેરવ્યા હતા. રાજુ ઉપરાંત તેમના ભાઈ સૂર્યનારાયણ રાજુ, પૂર્વ ઈન્ટરનલ ચીફ ઓડિટર બીએસ પ્રભાકર ગુપ્તા સિવાય અન્ય આઠને આઈપીસીની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭એ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. રામાલિંગા રાજુ અને તેમના ભાઈ અને સત્યમના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર બી રામારાજુ વિશ્વાસભંગ સાથે સંબંધિત આઈપીસીની કલમ ૪૦૯ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તમામ ૧૦ આરોપી આજે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે, મિડિયાને મંજુરી અપાઈ ન હતી. આદેશ જારી કરાયા બાદ તમામ આરોપીને કસ્ટડીમાં લઈ લેવા સીબીઆઈને કહેવામાં આવ્યું હતું. આ સમગ્ર મામલો સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે સપાટી પર આવ્યો હતો. સીબીઆઈએ આ મામલામાં તપાસ કરી હતી. સીબીઆઈએ રોકાણકારોને ૧૪ હજાર કરોડનો ચુનો લગાવવાનો આક્ષેપ કર્યો હતો. સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવેલા આ કૌભાંડ કેસમાં હૈદરાબાદની એક ખાસ

અદાલતે અગાઉ નવમી માર્ચના દિવસે સુનાવણી કરી હતી અને તેનો ચુકાદો ૯મી એપ્રિલના દિવસે જાહેર કરવાની વાત કરી હતી. આજે ધારણાપ્રમાણે કોર્ટે ચુકાદો જાહેર કર્યો હતો. સ્પેશિયલ જજ ચક્રવર્તીએ કહ્યું હતું કે, આ કેસમાં જંગી દસ્તાવેજો રહેલા છે.૨ ૩મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે પણ આ મામલામાં સુનાવણી કરાઈ હતી. હાલમાં જામીન પર રહેલા તમામ ૧૦ આરોપી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ૨ ૩મી ડિસેમ્બરના દિવસે છેલ્લી સુનાવણી દરમિયાન ખાસ જજ બી. ચક્રવર્તિએ કેસમાં દસ્તાવેજો ધ્યાનમાં લેવાની વાત કરી હતી. આશરે ૩૦૦૦ દસ્તાવેજોની નોંધ લેવામાં આવી ચુકી છે. છ વર્ષ અગાઉ ટ્રાયલ શરૂ થઈ હતી. ટ્રાયલ દરમિયાન ૨૨૬ સાક્ષીની ચકાસણી કરવામાં આવી છે. કેસમાં સીબીઆઈ દ્વારા તપાસ કરાઈ હતી.

છેલ્લે ૨ ૩મી ડિસેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એ દિવસે તમામ આરોપી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૧૦ આરોપીઓએ કોર્ટ કાર્યવાહીમાં હાજરી આપી હતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કૌભાંડમાં ટ્રાયલ ૮મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે શરૂ થઈ હતી. આ ટ્રાયલ ૨૪મી જૂન ૨૦૧૪ના દિવસે પૂર્ણ થઈ હતી. આશરે છ વર્ષ સુધી ટ્રાયલ ચાલ્યા બાદ હવે ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે જેથી તેના પર તમામ કોર્પોરેટ જગતની પહેલાથી જ નજર હતી. એસએફઆઈઓ કેસોમાં સત્યમના સ્થાપક બી. રામાલિંગા રાજુને અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ હવે ચુકાદો આવ્યો છે..સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ (એસએફઆઈઓ) દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોના સંબંધમાં આર્થિક ગુનાઓ માટેની અદાલતે આઠમી ડિસેમ્બરના દિવસે સત્યમના ભૂતપૂર્વ ચેરમેન રાજુ, તેમના ભાઈ અને સત્યમના પૂર્વ એમડી બી. રામા રાજુ, તેના પૂર્વ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર વી. શ્રીનિવાસ અને પૂર્વ ડિરેક્ટર રામ મ્યાનામપતિને છ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી. કેન્દ્રિય કોર્પોરેટ બાબતોના મંત્રાલયની તપાસ શાખા તરીકે એસએફઆઈઓ છે. આ શાખા દ્વારા ડિસેમ્બર ૨૦૦૯માં આર્થિક ગુનાઓ માટે ખાસ અદાલતમાં કંપની એક્ટની જોગવાઈનો ભંગ કરવા બદલ સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લિમીટેડ અને તેના ડિરેક્ટરો સામે સાત ફરિયાદો દાખલ કરી હતી. દેશના સૌથી મોટા કોંભાંડ તરીકે તેને ગણવામાં આવે છે. સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે આ કેસ સપાટી પર આવ્યો હતો. સીબીઆઈએ તપાસ દરમિયાન ધડાકો કર્યો હતો કે આ કોંભાંડના કારણે સત્યમના શેરધારકોને ૧૪૦૦૦ કરોડનુ નુકસાન થયું છે.

તમામ ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો મુકાયા છે જેમાં છેતરપીંડી, ફોજદારી કાવતરા, ફોર્જરી, વિશ્વાસ ભંગનો સમાવેશ થાય છે. બનાવટી ફિક્સ ડિપોઝીટના કાગળો પણ ઉભા કરાયા હતા. ફેબ્રુઆરી ૨૦૦૯માં સીબીઆઈએ તપાસ પોતાના હાથમાં લીધી હતી અને ૩ ચાર્જશીટ દાખલ કરી હતી. જે પૈકી ૭મી એપ્રિલ ૨૦૦૯ના દિવસે પ્રથમ, ૨૪મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે બીજી અને ૭મી જાન્યુઆરી ૨૦૧૦ના દિવસે ત્રીજી ચાર્જશીટ દાખલ કરી હતી.

ખીણમાં પંડિત માટે અલગ ટાઉનશીપની યોજના નથી

શ્રીનગર,તા.૯

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદે આજે કહ્યું હતું કે, ખીણમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતો માટે અલગ ટાઉનશીપ માટેની કોઈ યોજના નથી. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ દ્વારા રાજ્ય વિધાનસભામાં ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, આવી કોઈપણ દરખાસ્ત નથી. પંડિતો માટે અલગ ટાઉનશીપ અંગે વિચારણા ચાલી રહી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને કહી ચુક્યા છે કે, કાશ્મીરી પંડિતો ખીણમાં જુદી રીતે રહી શકે નહીં. સમાજમાં તેમને એક સાથે રહેવું પડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કાશ્મીરી પંડિતો તેમના વતનમાં પરત ફરે તેમ અમે ઈચ્છીએ છીએ. મુસ્લિમ સમુદાયના લોકો સાથે શાંતિપૂર્વક રહે તે ખુબ જરૂરી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, કાશ્મીરી પંડિતો માટે અલગ ટાઉનશીપ બને તે જરૂરી છે. જો કે, આને લઈને નવી ચર્ચા છેડાઈ ગઈ છે. રાજનાથસિંહ હાલમાં જ કહી ચુક્યા છે કે, કેન્દ્ર સરકાર ખીણમાં કાશ્મીરી પંડિતોની સુરક્ષાને લઈને ચિંતિત છે અને તે પગલા લેવા ઈચ્છુક છે. મુખ્યમંત્રીની સ્પષ્ટતા છતાં વિરોધ પક્ષો આ મુદ્દાને ઉઠાવી રહ્યા છે. ૧૯૯૦માં આતંકવાદી ગતિવિધિના પરિણામ સ્વરુપે ૧૫૦૦૦૦થી ૩૦૦૦૦૦ કાશ્મીરી પંડિતો ખીણમાંથી અન્યત્ર જતા રહ્યા હતા. અલગતાવાદીઓ અને મુખ્ય રાજકારણીઓ તેમના માટે અલગ ટાઉનશીપને લઈને હોબાળો મચાવતા રહ્યા છે. કાશ્મીરી પંડિતોને પરત ફરવા નવી નીતિ અપનાવવામાં આવી રહી છે. જો કે, આમા હજુ સુધી સફળતા હાથ લાગી નથી.

આઈપીએલમાં આજે પંજાબ અને રાજસ્થાન

પુણે,તા. ૯

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં આવતીકાલે કિંગ્સ ઈલેવન પંજાબ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રોમાંચક જંગ ખેલાનાર છે. પુણેમાં રમાનારી મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાના સ્ટાર ખેલાડી જ્યોર્જ બેઈલીના નેતૃતવમાં કિંગ્સ ઈલેવન પંજાબ અને શેન વોટ્સનના નેતૃત્વમાં રાજસ્થાન રોયલ્સની ટીમમાં કેટલાક સ્ટાર ખેલાડી રહેલા છે. જે ધરખમ દેખાવ કરવા તૈયાર છે. જો કે તમામ ચાહકોની નજર મેચમાં ભારતના આક્રમક ખેલાડી વિરેન્દ્ર સહેવાગ પર રહેશે. તે છેલ્લા ઘણા સમયછી ટીમથી બહાર છે. જેથી તેને ચાહકોની સાથે સાથે પસંદગીકારોને પ્રભાવિત કરવાની પણ તક રહેલી છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન કુલ ૬૦ ટવેન્ટી-૨૦ મેચો રમાનાર છે. ૧૨મી એપ્રિલથી ૨૫મી એપ્રિલ દરમિયાન મ્યુનિસિપલ ચુંટણી હોવાથી કોલકત્તામાં કોઈપણ મેચ રમાનાર નથી.આ વખતે વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયાની ટીમના અને રનર્સ અપ રહેલી ન્યુઝીલેન્ડની ટીમના પણ સ્ટાર ખેલાડી જોવા મળનાર છે. મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. મેચને

લઈને પુણેમાં તમામ તૈયારી કરી લેવામાં આવી છે.રાજસ્થાનની ટીમમાં સ્થાનિક અને ઉભરતા ખેલાડીઓને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. જેમાં બિન્ની, રહાણેનો સમાવેશ થાય છે. બીજી બાજુ કેપ્ટન શેન વોટ્સન પર પણ ટીમને જીત અપાવી દેવાની જવાબદારી રહેલી છે. આ ટીમ ફેવરીટ દેખાઈ રહી છે. ટીમમાં જેમ્સ ફોલક, સ્ટીવ સ્મીથ જેવા જોરદાર ખેલાડી રહેલા છે. જે કોઈ પણ ટીમને મુશ્કેલીમાં મુકી શકે છે. જો કે રાજસ્થાનને વિરેન્દ્ર સગેવાગ, ગ્લેન મેક્સવેલ અને જ્યોર્જ બેઈલી જેવા ખેલાડીથી સાવધાન રહેવુ પડશે. મેક્સવેલ હાલમાં જોરદાર ફોર્મમાં છે. મેચ ખુબ રોમાંચક બને તેવી શક્યતા દેખાઈ રહી છે. ચાહકો ખુબ ઉત્સુક છે. મેદાનની આસપાસ મજબુત સુરક્ષા રહેશે. બન્ને ટીમો નીચે મુજબ છે.

રાજસ્થાન રોયલ્સ : બિન્ની, રહાણે, કરુણ નાયર, સંજુ સેમસન, રજત ભાટિયા, ધવન કુલકર્ણી, અભિષેક નાયર, દિપક હુડા, દિશાંત યાજ્ઞિત, વિક્રમજિત મલીક, અંકિત શર્મા, રાહુલ પવેતિયા, પ્રવિણ તાંબે, દિનેશ સાલુન્કે, પ્રદિપ સાહુ, બરિન્દર સરણ, સાગર ત્રિવેદીવિદેશી ખેલાડીઓ : વોટસન (સુકાની), જેમ્સ ફોકનર, સ્ટીવ સ્મિથ, ટીમ સાઉથી, રિચર્ડસન, કટિંગ, મોરિસ, જુઆન થેરોન

પંજાબ : સહેવાગ, મનન વ્હોરા, રિદ્ધિમાન સાહા, મુરલી વિજય, અક્ષર પટેલ, અનુરીતસિંહ, ગુરકિરત, મનન સિંહ, કરણવીર સિંહ, પરવીન અવાના, રિષી ધવન, સંદીપ શર્મા, શિવમ શર્મા, શાર્દુલ ઠાકુર, નિખિલ નાયક, વિદેશી ખેલાડી : જ્યોર્જ બેલી (કેપ્ટન), હેન્ડરીક્સ, ડેવિડ મિલર, ગ્લેન મેક્સવેલ, મિશેલ જોન્સન, શૌન માર્શ, પરેરા

આઠ રાજ્યોના રાજ્યપાલની શોધ કરવામાં સરકાર વ્યસ્ત

નવી દિલ્હી,તા.૯

કેન્દ્ર સરકાર હાલમાં આઠ રાજ્યો અને એક કેન્દ્ર શાષિત પ્રદેશમાં રાજ્યપાલને લઈને યોગ્ય ઉમેદવારની શોધ કરી રહી છે. સરકાર હાલમાં પૂર્વ નાણાંપ્રધાન યશવંતસિંહા, વાજપેયી સરકારમાં દુરસંચાર પ્રધાન રહેલા કવિન્દ્ર પુરકાયસ્થ અને સેનાના પૂર્વ વડા વીપી મલિકના નામ પર વિચારણા કરી રહી છે. સુત્રોએ કહ્યું છે કે યશવંતસિંહાના નામ પર સૌથી વધારે ગંભીરતાપૂર્વક ચર્ચા ચાલી રહી છે. પૂર્વ પ્રધાન જયવંતિબેન મહેતા પણ દોડમાં સામેલ હોવાના અહેવાલ મળ્યા છે. કેબિનેટમાં થનાર ફેરફારને લઈને ચર્ચા ચાલી રહી છે. પરંતુ રાજભવનની નિમણૂંકનો મામલો વધારે ગંભીર છે. નેતાઓની સાથે પ્રોફેશનલ ફિલ્ડ સાથે સંબંધ ધરાવતા લોકો સાથે ચર્ચા ચાલી રહી છે. નિવૃત અધિકારીઓના નામ પર પણ ચર્ચા ચાલી રહી છે. સુત્રોએ કહ્યુ છે કે ચીનમાં બનનાર બ્રિકસ બેંકના ચેરમેનને લઈને યશવંતસિંહાના નામ પર વિચારણા કરવામાં આવી રહી છે. સાથે સાથે તેઓ જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ પદ માટે પણ દાવેદાર દેખાઈ રહ્યા છે. હાલમાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીની પાસે ચાર રાજ્યો બિહાર, મિઝોરમ, મેંઘાલયની જવાબદારી છે.

જ્યારે હરિયાણાના રાજ્યપાલ કપ્તાનસિંહ સોલંકીની પાસે પંજાબનો પણ હવાલો છે. રાજસ્થાનના રાજ્યપાલ કલ્યાણસિંહની પાસે હિમાચલપ્રદેશના રાજ્યપાલ તરીકેની પણ જવાબદારી છે. નાગાલેન્ડના રાજ્યપાલ પદ્મભ આચાર્ય ત્રિપુરા અને આસામમાં રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. ત્રિપુરામાં છેલ્લા ૩૦૦ દિવસથી રાજ્યપાલ નથી. મોદી સરકાર રાજ્યોના રાજ્યપાલોને પસંદ કરવા માટેની કવાયતમાં લાગેલી છે.

જનતા પરિવારની સાથે મર્જરને જેડીયુની મંજુરી

નવી દિલ્હી,તા.૯

જનતા પરિવારના મર્જરની દિશામાં છ રાજકીય પક્ષો હવે આગળ વધી રહ્યા છે. લાલૂ પ્રસાદ યાદવની આરજેડી પાર્ટી દ્વારા લીલીઝંડી આપવામાં આવ્યા બાદ બિહારમાં શાસક જેડીયુએ પણ છ પક્ષોના મર્જરને લીલીઝંડી આપી દીધી છે. બિહારના જળસંશાધન પ્રધાન વિજયકુમાર ચૌધરીએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પાર્ટી મર્જરને સમર્થન આપે છે. મુખ્યમંત્રી નીતિશકુમાર અને જેડીયુ પ્રમુખ શરદ યાદવને આ પ્રક્રિયાની દિશામાં આગળ વધવા અપીલ કરવામાં આવી છે. ચૌધરીએ કહ્યું હતું કે, અગાઉની બેઠકમાં આ મુદ્દે સર્વસંમતિ થઈ ચુકી છે. અન્ય રાજકીય પક્ષો સાથે મર્જરની દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. પાર્ટી નેતાઓ દ્વારા મર્જરને આખરી ઓપ આપવા નીતિશકુમારને લીલીઝંડી આપવામાં આવી છે.

કોર્પોરેટ અને ઉદ્યોગલક્ષી તેમની સરકાર નથી : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા. ૯

મોદી સરકાર સત્તામાં બે મહિનાના ગાળામાંએક વર્ષ પૂર્ણ કરનાર છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પુનરોચ્ચાર કર્યો હતો કે, તેમની સરકાર સામાન્ય લોકો માટે કામ કરી રહી છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં મોદીએ આ મુજબની વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, પોલિસી પેરાલિસીસમાં કરવામાં આવેલા આક્ષેપો બિલકુલ આધારવગરના છે. તેમની સરકાર સામાન્ય લોકોના હિતમાં કામ કરી રહી છે. તેમની સરકારની હાલમાં કોર્પોરેટલક્ષી અને ઉદ્યોગલક્ષી હોવાની બાબતોને લઈને ટિકા થઈ રહી છે. મોદીએ કહ્યું હતું કે, અમારુ કામ પોલિસી આધારિત સરકાર ચલાવવાનું છે. રેડટેપની સ્થિતિ સર્જાવી જોઈએ નહીં. તેમણે કહ્યું હતું કે, દેશના દરેક લોકો માટે એક સમાન નીતિ અપનાવવામાં આવી રહી છે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી કે રેડટેપ ન

હો ઓર સામાન્ય લોગો કે લિયે રેડટેપ હો ઐસા નહીં ચલ શકતા. મોદીએ વધુમાં કહ્યું હતું કે, તેમની સરકાર એક વર્ષની અવધિ પુરી કરનાર છે. છેલ્લા ૧૦ વર્ષના કોંગ્રેસના શાસન દરમિયાન ભારતીય અર્થતંત્રને જે નુકસાન થયુંહતું તેમાં રિકવરી થઈ રહી છે. અમારી સિદ્ધિઓ તમામ લોકોને દેખાઈ રહી છે. શ્રેણીબદ્ધ સારા પગલા લેવાયા છે. પારદર્શકતા, અસરકારકતા અને ઝડપી કામ થઈ રહ્યા છે. દેશના ગરીબ લોકોના હિતમાં સરકાર કામ કરી રહી છે. સારા ઈરાદા સાથે ગુડગવર્નન્સ અમારી સરકારની સિદ્ધિ છે. કાર્યક્રમ અમલીકરણની દિશામાં યોગ્ય પગલા લેવાઈ રહ્યા છે. તેમની સરકારના કારણે વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધી છે. વડાપ્રધાને બિઝનેસ સમુદાય તરફથી તેની થઈ રહેલી ટિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉદ્યોગો નવા આવશે ત્યારે જ રોજગારીની તકો વધશે. તેમની સરકારે કરવેરાના સંદર્ભમાં પણ પગલા લીધા છે. રોજગારીની તકો ઉભી થઈ રહી છે. ભારતીયોને વધુ તક મળી રહી છે. વૈશ્વિક દેશો સાથે સરકાર દ્વારા મજબૂત સંબંધો સ્થાપિત કરાઈ રહ્યા છે. ચીન સાથે સરહદી વિવાદને પણ ઉકેલી લેવાશે. કારણ કે બંને દેશોએ તેમના લોકોના આર્થિક કલ્યાણ માટે ધ્યાન આપ્યું છે.

રાજનાથસિંહ, કિરણ રિજ્જુ લિફ્ટમાં ફસાયા

નવીદિલ્હી,તા. ૯

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહ અને તેમના ડેપ્યુટી કિરણ રિજ્જુ આજે દિલ્હીમાં સીરઆરપીએફ હેડક્વાર્ટર ખાતે લિફ્ટની અંદર ફસાઈ ગયા હતા. જેના કારણે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. દક્ષિણ દિલ્હીના વસંત કુંજ ખાતે સીઆરપીએફ હેડક્વાર્ટરમાં આ બનાવ બન્યો હતો. રાજનાથસિંહ શૌર્ય દિવસની ઉજવણી કરવા માટે ગયા હતા. કિરણ રિજ્જુ, સીઆરપીએફના ડિરેક્ટર જનરલ પ્રકાશ મિશ્રા પણ રાજનાથસિંહ સાથે અથડાયા હતા. સીઆરપીએફના અધિકારીએ મોડેથી કહ્યું હતું કે, ટેકનિકલ ખામીના કારણે લિફ્ટ અટવાઈ પડી હતી. આ એક માળની ઈમારત છે. જો કે, મિનિટોના ગાળામાં જ લિફ્ટથી અમે પ્રધાનો મહેમાનોને લઈ ગયા હતા. લિફ્ટ કામ કરી રહી ન હતી ત્યારે એલાર્મ વગાડવામાં આવી હતી.

સમાચાર ઝલક

- ગુજરાતમાં તાપમાનમાં સતત ફેરફારથી વિવિધ રોગોના કેસોમાં વધારો થયો.
- આઠ રાજ્યોની ખુંખાર ગુનેગારોની ગેંગ ગુજરાતમાં સક્રિય બની છે.
- ગુજરાતમાં ૩૦ થી ૪૦ વર્ષની વયવાળા ૬ લાખથી વધુ યુવાનો જીવનસંગિનીની તલાશમાં-૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે.
- આગામી સપ્તાહમાં સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી.
- ભુજમાં અદાણી મેડીકલ કોલેજમાં તાળાબંધી. વિદ્યાર્થીઓના આંદોલનમાં નવો વળાંક.
- ગુજરાતમાં હવે મતદાર યાદી સાથે આધારકાર્ડ નંબરો જોડવામાં આવશે.
- અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યાથી પરિવારોમાં ભયની લાગણી.
- પંજાબ પોલીસે ૧૫૦ પેટ્રોલ પંપો ઓછું બળતણ આપતાં ઝડપ્યા.
- અમદાવાદમાં એએમટીએસના કર્મચારીની હડતાળના પગલે ૨૦૦ બસો બંધ.
- લંડનમાં ૩૦૦ મિલિયન ડોલરની ચોરી.
- અમદાવાદ મ્યુનિ. કોમ્યુનિટી હોલના ભાડાં વધશે.